# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 03-04-2025 Day: Thursday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## વકફ સુધારા વિધેયક-2025

**કેન્દ્રીય લઘુમતી બાબતોના મંત્રી કિરેન રિજિજુએ રાજ્યસભામાં વકફ સુધારા વિધેયક 2025 રજૂ કર્યું છે. જેનાં પર હાલ ચર્ચા ચાલુ છે. વિધેયક રજૂ કરતા શ્રી રિજિજુએ જણાવ્યું કે, વકફ બિલ માટે એક કરોડ સૂચનો આવ્યા હતા. ઉલ્લેખનીય છે કે,ગત રાત્રે લોકસભામાં અંદાજે 12 કલાકની ચર્ચા બાદ આ બિલ પસાર કરાયું હતું.**

**વકફ સુધારા વિધેયકનો ઉદ્દેશ વારસાગત સ્થળોની સુરક્ષા અને સામાજિક કલ્યાણને પ્રોત્સાહન આપવાની જોગવાઈઓ સાથે વકફ મિલકતોના વ્યવસ્થાપનને સુવ્યવસ્થિત કરવાનો છે. આ કાયદાનો ઉદ્દેશ મિલકત વ્યવસ્થાપનમાં પારદર્શકતા વધારી વકફ બૉર્ડ અને સ્થાનિક અધિકારીઓ વચ્ચે સંકલનને સુવ્યવસ્થિત કરીને અને હિતધારકોના અધિકારોનું રક્ષણ કરીને શાસનમાં સુધારો કરવાનો પણ છે.**

**-------------------------------------------------------------------------------------**

## અંજારમાં રથયાત્રા

**રામનવમી નિમિતે રાજ્યની બીજા નંબરની રથયાત્રા 6 એપ્રિલના અંજારના મુખ્ય માર્ગો પરથી પસાર થશેp રામઘનશ્યામ જન્મોત્સવ સમિતિ દ્વારા આયોજીત 2 કિલોમીટર લાંબી રથયાત્રામાં 73 ઝાંખીઓ અને 20 સ્થાઈ ફલોટ આકર્ષણ જમાવશે. 50થી વધુ સેવા કેમ્પો રૂટ ઉપર રહેશે. આ આયોજન લઈને શહેરભરમાં તૈયારીઓનો ધમધમાટ ચાલી રહ્યો છે. રથયાત્રા છ કિલોમીટરના રૂટેથી પસાર થશે. આ અગાઉ સ્વામી નારાયણ મંદિર ધર્મસભા**

**યોજાશે. મહાઆરતી બાદ સાંજે 4 વાગ્યા થી રથયાત્રાનો પ્રારંભ થશે. 41મી રથયાત્રાની તૈયારીઓનો આરંભ નવેંબર મહીનાથી કરવામાં આવ્યો હતો. .**

---

## માતાનામઢમાં ચૈત્રી નવરાત્રી

**કચ્છના પ્રસિદ્ધ યાત્રાધામ માતાનામઢમાં ચૈત્રી નવરાત્રી પર્વની ભવ્ય ઉજવણી થઈ રહી છે. પાંચમા નોરતે બુધવારે રાત્રે મહાઆરતી સાથે મંદિર પરિસરમાં મોડી રાત સુધી રાસ-ગરબાની રમઝટ જામી હતી. જેમાં મોટી સંખ્યામાં ગ્રામજનો અને ભાવિકોએ ભાગ લીધો હતો.**

**આવતીકાલે સાતમા નોરતે રાત્રે 9 વાગ્યેને 15 કલાકે જગદંબા પૂજન થશે. ત્યારબાદ રાત્રે 10 વાગ્યે હોમ-હવનની ધાર્મિક વિધિ યોજાશે. મોડી રાત્રે બીડું હોમવામાં આવશે. ચૈત્રી નવરાત્રી નિમિત્તે મોટી સંખ્યામાં માઈ-ભક્તો માં આશાપુરાના દર્શનાર્થે આવી રહ્યા છે. મંદિર પરિસરમાં મીની મેળા જેવો માહોલ જામ્યો છે.**

---

## હવામાન:

**ચૈત્રના આરંભ સાથે જ કચ્છમાં ગરમીએ પોતાનો આકરો મિજાજ દેખાડવાનું શરૂ કરી દીધું છે. હવામાન વિભાગે આગામી સાત દિવસ સુધી હિટવેવની આગાહી કરી છે. જિલ્લા મથક ભુજ શહેરમાં આજે સિઝનનો સૌથી ગરમ દિવસ નોંધાયો હતો. આજે ભુજનું તાપમાન 43 ડિગ્રી સુધી પહોંચી ગયું હતું. હવામાન વિભાગે એપ્રિલ મહિનો સામાન્ય કરતાં વધુ ગરમ રહેવાની શક્યતા દેખાડી છે. હવામાન વિભાગે કચ્છ માટે ગરમીની જારી કરેલી ચેતવણીમાં પ્રથમ બે દિવસ યલો અને તે પછી ઓરેન્જ એલર્ટ જારી કરવામાં આવ્યું છે. આગામી સાત દિવસ દરમિયાન મહત્તમ પારો 42થી 43 ડિગ્રી સુધી જવાની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. આજે બપોરના સમયે લૂનો પ્રભાવ એટલો આકરો હતો કે લોકોએ કામ વગર ઘરની બહાર નીકળવાનું ટાળ્યું હતું. નોંધનીય છે કે વર્ષ 2017ની 14 એપ્રિલના ભુજમાં મહત્તમ તાપમાન 45.8 ડિગ્રી નોંધાયું હતું..**

---

## મુન્દ્રા- દાદા-દાદી પાર્કનું લાકર્પણ

મુંદરા નગરપાલિકા નિર્મિત દાદા-દાદી પાર્કનું માંડવીના ધારાસભ્ય અનિરુદ્ધભાઈ દવેના હસ્તે લોકાર્પણ કરાયું હતું. આ પ્રસંગે ધારાસભ્યએ જણાવ્યું હતું કે, અગાઉ નગરમાં બાગબગીચા કાર્ય માટે આપેલું વચન પૂર્ણ થયું છે. મુંદરા બારોઈ નગરપાલિકા આયોજિત કાર્યક્રમમાં નગરપાલિકાનાં અધ્યક્ષા રચનાબેન જોશીએ જણાવ્યું કે, નગરજનો આ બગીચાની જાળવણી રાખે. આ પ્રસંગે નગરપાલિકાના અધિકારી અને વિવિધ અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

---

## રાપર – કેનાલ રિપેરિંગ કાર્ય

રાપર તાલુકામાં નર્મદા કેનાલના રિપેરિંગ કાર્ય માટે મોમાયમોરાથી સુવઈ સુધીના વિસ્તારમાં બક નળીઓ કાપવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. રાપર શહેરને માત્ર નર્મદા આધારિત પીવાનું પાણી મળે છે. આ કારણે કેનાલમાં રહેલું પાણી અનામત રાખવા માટે ધારાસભ્ય વિરેન્દ્રસિંહ જાડેજા મારફતે જિલ્લા કલેક્ટર અને નર્મદા અધિકારીઓને રજૂઆત કરવામાં આવી હતી. કેનાલ બંધ રહે તે દરમિયાન નગાસર તળાવ ભરવામાં આવશે. શહેરમાં દર ત્રણ દિવસે પાણી વિતરણ કરવામાં આવશે. વધુમાં, સામખીયારીથી દર બીજા દિવસે ત્રણ એમએલડી પાણી પાણી પુરવઠા બોર્ડ દ્વારા પૂરું પાડવામાં આવશે..

---

## મારવાડી યુવા મંચ- રક્તદાન શિબિર

ગાંધીધામ મારવાડી યુવા મંચ, અગ્રવાલ સમાજ તેમજ અગ્રવાલ વિકાસ ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે આયોજિત મેગા રક્તદાન શિબિરમાં 460 યુનિટ રક્ત એકત્રિત કરવામાં આવ્યું હતું.

---

# જિઓ મેમ્બ્રેન- ખેડૂતલક્ષી યોજના

**પાણીની અછત ધરાવતા વિસ્તારોમાં ખેત તળાવડીમાં જિઓ મેમ્બ્રેન સરકારી ખર્ચે ફિટ કરી આપવાની ખેડૂતલક્ષી યોજનાનો લાભ લેવા માગતા લાભાર્થીઓએ 20મી એપ્રિલ સુધી ઓનલાઈન અરજી કરવા કચ્છ સિંચાઈ શાખા દ્વારા જણાવાયું છે. અરજીઓની ચકાસણી કરી દરેક તાલુકાદીઠ નિયત થયેલી અરજીઓની સંખ્યાની મર્યાદા માટે ઓનલાઈન ડ્રો કરવામાં આવશે અને ડ્રો દરમિયાન પસંદ થયેલી અરજીઓનું ફિલ્ડ વેરિફિકેશન કર્યા પછી યોગ્ય કિસ્સાઓ માટે લાભાર્થી તરીકેનું આખરીકરણ કરવામાં આવશે..**

**-----------------------------------------------------------------------------------------**